

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી દષ્ટિનું પરિણમન અને દષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

(કેટલાક લોકો) સમજ્યા વિના દ્રવ્યમાં પર્યાય નથી... નથી તેમ લઈ લે છે. પરંતુ 'પર્યાય નથી,' એમ કોણ કહે છે ? દષ્ટિનો વિષયભૂત - 'અપરિણામી' - પર્યાયથી ભિન્ન છે, તેમાં પર્યાયનો અભાવ છે, તેમાં પર્યાય નથી - એમ કહીએ છીએ. ('દ્રવ્ય' શબ્દનો પ્રયોગ બે પ્રકારે થાય છે : (૧) પ્રમાણના વિષયભૂત પદાર્થને દ્રવ્ય કહે છે. (૨) નિશ્ચયનયના વિષયભૂત અપરિણામી દ્રવ્યસ્વભાવને પણ દ્રવ્ય કહે છે. પહેલાંમાં પર્યાયનો સદ્‌ભાવ છે તથા બીજામાં અસદ્‌ભાવ છે. અતઃ જ્યાં જે પ્રકરણ છે ત્યાં તદઅનુસાર અર્થઘટન કરવું જોઈએ. (૫૬૬)

***

'પરિણામમાંથી અહંપણું ખસવું અને ત્રિકાળ સ્વભાવમાં અહંપણું થવું,' તે શુદ્ધજીવનું (પરિણામસ્વભાવ) સ્વરૂપ છે. (૫૬૯)

***

(પોતાના સુખ માટે) આખા જગતમાં બસ... 'હું જ એક વસ્તુ છું અને કોઈ બીજી વસ્તુ છે જ નહિ.' અરે! બીજી કોઈ વસ્તુ છે કે નહિ, એવો વિકલ્પ પણ શા માટે? (૫૭૮)

***

પરિણામ માત્ર વ્યવહાર છે. પરિણામની દષ્ટિથી દીનતા આવે છે. પર્યાયમાં રોકાવાથી એકાંત દુઃખ થાય છે. પરિણામ ઉત્પાદ-વ્યય સ્વરૂપ છે. 'હું' તો અપરિણામી છું, જેમાં ઉત્પાદ-વ્યય નથી; નિગોદથી લઈને સિદ્ધ સુધી એવો ને એવો જ છું. પરિણામમાં પ્રસરવાથી પરિણામ જેટલો થઈ જાય. (ક્ષણિકપરિણામ જેટલો જ પોતાનું જીવન (અસ્તિત્વ) ગ્રહણ કરવાથી એમ મિથ્યાત્વના ફલસ્વરૂપ નિગોદનું ક્ષણિક જીવન પ્રાપ્ત થાય છે.) (૫૮૩)

***

'હું' તો વિકલ્પમાત્રથી અને પરિણામ માત્રથી રહિત છું. (૫૮૫)

***

અરીસામાં સમય-સમયના (પ્રતિબિંબ જેવા) આકાર થાય છે, તોપણ અરીસામાં દળ જેમનું તેમ રહે છે. તેવી રીતે, 'સ્વભાવ' અરીસાના દળ જેવો છે; તે સ્વયંની સાથે તાદાત્મ્ય છે, આકારની સાથે નહિ. ત્રિકાળીમાં વર્તમાન પરિણામનો અભાવ છે. (૫૮૯)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૭૫, વર્ષ-૨૪, નવેંબર-૨૦૨૦

**અષાઢ વદ ૬, શુક્રવાર, તા.૮-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૮૦ પ્રવચન-30**

જુઓ! કહ્યું છે ને એમાં? 'पंचह संजुत्तु' એ ... પછી છેલ્લું છે '**बे-पंचह गुणसहिउ**' નીચે છે. '**ભેદદષ્ટિથી આત્માનું મનન કરતાં તેને દશ લક્ષણ ધર્મરૂપ વિચારવો જોઈએ.**' (બીજા પેરેગ્રાફની પહેલી) લીટી છે ને? '**बे-पंचह गुणसहिउ**' દસ પ્રકારના મુનિના ધર્મ છે ને? સમિતિ આદિ. એ દસ પ્રકારના ધર્મથી વિચાર કરવો તે વ્યવહારનય છે, ભેદદષ્ટિ છે. નિશ્ચયથી તો હું માત્ર જ્ઞાયક સ્વભાવ છું તેનું ધ્યાન કરવું તે જ નિશ્ચય છે. વ્યવહારથી '**ભેદદષ્ટિથી આત્માનું મનન કરતાં તેને દશ લક્ષણ ધર્મરૂપ વિચારવો જોઈએ.**'

'**આ આત્મા ક્રોધ વિકારના અભાવથી પૃથ્વી સમાન ઉત્તમ ક્ષમાગુણનો ધારક છે.**' કોઈ પૃથ્વી ખોદે, કોઈ કટકા કરે તો પૃથ્વી કંઈ બોલે છે? એની ઉપમા આપી છે, હોં! શાસ્ત્રમાં આવે છે. '**પૃથ્વી સમાન ઉત્તમ ક્ષમાગુણનો ધારક છે.**' પૃથ્વીને કોઈ ખોદાવે, કાપે, તોડે, છોડે, ભાંગે (તો) પૃથ્વી કાંઈ સામે ક્રોધ કરે છે? ઊંડા ખાડા (કરે), વિષ્ટા નાખે, ખાડા નાખીને અંદર વિષ્ટા પૂરે તો પૃથ્વી કહે છે કે, આમ નહિ કરો? એમ ક્રોધ વિકારના અભાવથી ક્ષમાગુણધારી.. ભગવાનઆત્મા એવી ક્ષમા રાખે. ક્ષમા કરે. જ્ઞાતા-દૃષ્ટા રહીને ક્ષમા (કરે), હોં!

'**માનના અભાવથી ઉત્તમ માર્દવ ગુણનો ધારક છે.**' આત્મા માર્દવ—કોમળ ગુણનો પિંડ જ આત્મા છે. માર્દવ—નિર્માન સ્વરૂપ છે એવી દષ્ટિ કરી નિર્માનતા પ્રગટ કરવી.

'**માયાના અભાવથી ઉત્તમ આર્જવ ગુણ ધારક છે.**' સરળ, સરળ. આ શું કરવા લેવું છે? ત્યાગમાં લઈ જવું છે એટલે. આ ત્યાગ, ત્યાગ કરે છે ને અત્યારે? દસમાં ત્યાગ ધર્મ. માયાના અભાવથી ઉત્તમ આર્જવ ગુણધારીસરળ. '**અસત્ય જ્ઞાનના અભાવથી ઉત્તમ સત્ય ધર્મનો ધારક છે.**' મહા સત્યસ્વરૂપનો ધરનાર જ આત્મા છે. '**લોભના અભાવથી ઉત્તમ શૌચ ગુણધારક (પવિત્ર) છે.**' આત્મા અંતર સંતોષસ્વરૂપ જ ભગવાનઆત્મા છે તેની દષ્ટિ કરીને સ્થિર થવું તે જ આત્માના કલ્યાણનો માર્ગ છે.

'**અસંયમના અભાવથી સ્વરૂપમાં રમણતારૂપ ઉત્તમ સંયમ-ગુણધારી છે.**' લ્યો, ઉત્તમ સંયમ ગુણધારી. દસ પ્રકારના ધર્મની વ્યાખ્યા ચાલે છે. '**સર્વ ઈચ્છાઓનો અભાવ હોવાથી આત્માનું એક શુદ્ધ વીતરાગભાવે તપવું...**' જુઓ! સર્વ ઈચ્છાઓનો અભાવ હોવાથી આત્માનું એક શુદ્ધ વીતરાગભાવે તપવું તે ઉત્તમ તપ ગુણ છે. બહારના તપ તો વ્યવહાર છે. પોતાની વીતરાગદશામાં એકાકાર થઈને શુદ્ધતાથી તપવું, શુદ્ધતાનું

પ્રતપન કરવું તેનું નામ ઉત્તમ ગુણ છે. **'આ આત્મા પરમ તપસ્વી છે.'** એ અપેક્ષાએ તો આત્મા પરમ તપસ્વી ત્રિકાળ છે. તેનું ધ્યાન કરવું તેને પરમ તપસ્વી કહેવાય છે.



અહીંયાં ઓલા લોકો ત્યાગની વાત કરે છે. **'આ આત્મા પોતાની શુદ્ધ પરિણતિ...'** નિર્મળ દશા. રાગરહિત શુદ્ધ પૂર્ણ સ્વભાવમાં એકાગ્ર થઈને શુદ્ધ પર્યાય દ્વારા **'આત્માનંદ પોતાને જ આપે છે,...'** લ્યો! પોતાની શુદ્ધ પરિણતિને પોતાની દશામાં પોતે રાખે છે તે જ **'ઉત્તમ ત્યાગધર્મ છે.'** લ્યો, આ ત્યાગધર્મની વ્યાખ્યા. ઓલા લોકો કહે છે ને, ત્યાગ? સમજાણું કાંઈ? દસ પ્રકારના ત્યાગ ધર્મમાં એમ કહે, આ ત્યાગ, પુસ્તક છોડવું, કોઈને જ્ઞાન દેવું, આમ દેવું તે ત્યાગધર્મ (છે). એ તો બધી વ્યવહારની વાત છે. એ તો વિકલ્પ ઊઠે ને? આ પુસ્તક દઈએ, આને જ્ઞાન હોય તો ઠીક, એવો (વિકલ્પ). નિશ્ચય ત્યાગધર્મની વ્યાખ્યા એ છે કે, પોતાનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુમાં એકાકાર થઈને શુદ્ધ દશાને પ્રગટ કરવી, તેમાં અશુદ્ધતાનો ત્યાગ (થાય) તેને ત્યાગધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ આત્માને ઉત્તમ આંકિચન ગુણ છે.'** શું (કહે છે)? **'આ આત્મામાં અન્ય પરમાત્માઓનો, પુદ્‌ગલ દ્રવ્યનો, ધર્મ, અધર્મ, કાળ, આકાશનો અભાવ છે.'** એ આકિંચન ગુણ (છે). મારા સ્વરૂપમાં કોઈ છે જ નહિ. રાગ નહિ, શરીર નહિ, કર્મ નહિ, પરદ્રવ્ય નહિ. એવી અંતર આત્મામાં ભાવના કરવી તેનું નામ આંકિચન ભાવઆકિંચન ધર્મ કહેવામાં આવે છે. આત્મા અપરિગ્રહવાન છે. ત્રિકાળ અપરિગ્રહવાન છે. એ અપરિગ્રહવાનનું ધ્યાન કરવું, અપરિગ્રહની પરિણતિ પ્રગટ કરવી તેનું નામ આકિંચન ધર્મ કહેવામાં આવે છે. **'પરમ અસંગ છે.'** એ આકિંચનની વ્યાખ્યા કરી. **'આ આત્મા ઉત્તમ બ્રહ્મચર્ય ગુણનો ધારક છે.'**

**'આ આત્મા ઉત્તમ બ્રહ્મચર્ય ગુણનો ધારક છે. નિરંતર બ્રહ્મભાવમાં મગ્ન રહે છે.'** એ તો ઉત્તમ બ્રહ્મસ્વરૂપ તો અનાદિઅનંત છે, તેમાં લીન થવું તે ઉત્તમ બ્રહ્મચર્ય છે. કહો, સમજાય છે કાંઈ? કાયાથી બ્રહ્મચર્ય (પાળે એ) તો વ્યવહાર છે. આત્મા બ્રહ્માનંદ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, બ્રહ્માનંદ સ્વરૂપ આત્મા જ છે. તેમાં એકાકાર (થઈને) આનંદમાં રહેવું તેનું નામ બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. **'આ રીતે દશલક્ષણ ધર્મનો વિચાર કરવો અથવા પોતાના આત્માને દશ ગુણ સહિત વિચારવો.'** બીજા દસ લક્ષણ કીધા. ક્યા?

**'આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય, અનંત સુખ, આ દશ વિશેષ ગુણોનો ધારક પરમાત્મા સ્વરૂપ છે. એ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા છતાં પણ આત્મજ્ઞ અને આત્મદર્શી છે.'** એ પહેલો ગુણ—અનંત જ્ઞાનની વ્યાખ્યા કરી, ભાઈ! આત્મા અનંત જ્ઞાન સ્વરૂપ છે એમ ભેદથી વિચારવું, હોં! આ તો બધું ભેદથી વિચારે છે. વસ્તુ તો અખંડ છે. અભેદમાં તો

એકલો જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ ઉપર દૃષ્ટિ કરી ધ્યાનમાં લીન થઈ જવું તે જ અભેદ દૃષ્ટિ, તે જ ધ્યાન અને તે જ મોક્ષનો માર્ગ છે.

એમ વિચારવું કે, '**સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા છતાં પણ...**' આત્મા સર્વજ્ઞ છે, સર્વદર્શી છે છતાં '**આત્મજ્ઞ અને આત્મદર્શી છે.**' સર્વને જાણનાર-દેખનાર છે છતાં આત્મજ્ઞ અને આત્મદર્શી છે. સમજાણું કાંઈ? કહે છે ને, સર્વજ્ઞને વ્યવહાર થયો ને? વ્યવહાર થયો ને? એમ કહે છે. વ્યવહાર તો પરની અપેક્ષાએ (કહે છે) પણ સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું, પોતાનો સ્વભાવ જ આત્મજ્ઞ અને આત્મદર્શી, સર્વજ્ઞ અને સર્વદર્શીપણું છે. સમજાય છે કાંઈ? જ્ઞતે જ આત્મજ્ઞ છે, આત્મજ્ઞ તે જ સર્વજ્ઞ છે. એમ નહિ કે, સર્વજ્ઞ એટલે પરને જાણવું વ્યવહાર છે, (માટે) વ્યવહાર જૂઠો છે, એમ નહિ. આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી સ્વભાવધારી ભગવાનઆત્મા છે એમ અંતરમાં મનન કરવું તે પણ ભેદ છે, પુણ્યનો વિકલ્પ છે. અંતર સ્વરૂપ એકાકારની દૃષ્ટિ કરીને અનુભવ કરવો તે નિશ્ચયધર્મ છે. સમજાણું કાંઈ?

'**તે જ્ઞેયની અપેક્ષાએ સર્વજ્ઞ સર્વદર્શી કહેવાય છે.**' જુઓ! જ્ઞેયની અપેક્ષાએ કહેવાય છે, બાકી પોતાના જ્ઞાનની અપેક્ષાએ તો આત્મજ્ઞ અને આત્મદર્શી છે. '**શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કરીને નિરંતર આત્મપ્રતીતિમાં વર્તે છે.**' લ્યો! શુદ્ધ સમ્યગ્દર્શનનો ધારી, ત્રિકાળ, હોં! અને તેની દૃષ્ટિ કરીને '**નિરંતર આત્મપ્રતીતિમાં વર્તે છે.**' ભગવાનઆત્મા નિશ્ચયમાં, અંતર સ્વભાવમાં તો નિરંતર પ્રતીતિમાં વર્તમાન જ આત્મા છે, ત્રિકાળ. એવી દૃષ્ટિ કરી ત્યારે ત્રિકાળ પ્રતીતમાં વર્તમાન છે એવું ભાન થયું. શ્રદ્ધામાં લીધો કે આ આત્મા પૂર્ણાનંદ છે તો પ્રતીતમાં જ્યારે પૂર્ણ આત્મા આવ્યો તો એ આત્મા ત્રિકાળ પ્રતીતમાન જ વર્તમાન છે, ત્રિકાળ પોતાની પ્રતીતિ કરવા સહિત જ આત્મા છે, એમ પ્રતીતિમાં આવ્યું. સમજાણું કાંઈ?

'**સર્વ કષાયભાવોના અભાવથી પરમ વીતરાગ યથાખ્યાત ચારિત્રથી વિભૂષિત છે.**' ભગવાનઆત્મા સર્વ પુણ્ય-પાપના વિકલ્પ, કષાયથી રહિત વીતરાગ ચારિત્ર છે. જ્યારે પોતાની પર્યાયમાં પણ વીતરાગતા પ્રગટ કરી તો આત્મા ત્રિકાળ વીતરાગ ચારિત્ર સંપન્ન છે એમ અનુભવમાં આવ્યું. સમજાય છે કાંઈ? '**પોતાનો આનંદ પોતાને આપે છે, અનંત દાન કરનાર છે.**' પરને દાન કોણ આપે? એ તો જડની ક્રિયા (છે), એ તો થવાવાળી હોય તો થાય છે. દાનનો વિકલ્પ, શુભભાવ આવે છે એ પુણ્ય છે. '**પોતાનો આનંદ પોતાને આપે છે,...**' હું આનંદમૂર્તિ છું, અતીન્દ્રિય આનંદ છું, એમ અંતરમાં એકાકાર થઈને પોતાની પર્યાયમાં—અવસ્થામાં આનંદનું દાન આપવું તે પોતામાં દાન દીધું એમ કહેવામાં આવે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? '**પોતાનો આનંદ પોતાને આપે છે,...**' પોતાનો આનંદ પોતાને આપે છે. આહાહા..! ઠીક લખ્યું છે. આહાર-પાણી દેવા એ તો પરની ક્રિયા છે, એ ક્યાં આત્મા કરી શકે છે? તેમાં શુભભાવ થાય છે એ પુણ્ય છે.

મુમુક્ષુ : આપવા કે ન આપવા?

ઉત્તર : દે કોણ? દેવામાં જે ભાવ આવે છે તે ભાવ શુભભાવ છે, શુભભાવ છે.

મુમુક્ષુ : પૈસા હોય તો પણ બીજાને ભૂખ્યા રાખવા?

ઉત્તર : કોણ રાખે? રાખે કોણ ને દે કોણ? સમજાય છે કાંઈ? એક રજકણ પણ તેને કારણે હાલેચાલે છે, તો એ રજકણ આત્મા ચલાવે, દે એમ ત્રણેકાળ આત્મામાં નથી. એક રજકણ, પરમાણુ પણ અહીં આવે છે, જાય છે એ તેને કારણે થાય છે. આત્મા એક રજકણને પણ આપી શકે, લઈ શકે (એવું) આત્મામાં છે જ નહિ. 'રાજમલજી'! એક રજકણને પણ ન કરી શકે તો પરમેશ્વર ક્યાંથી થયો? રજકણને કાંઈ કરે નહિ અને પરમાત્મા થયો? અનંત બળ (ધારક થયો)?

મુમુક્ષુ : સાધારણ માણસ ઘણું કરે છે અને ભગવાન કાંઈ ન કરે?

ઉત્તર : કોણ કરે છે? સાધારણ (માણસ) ધૂળેય

કરતો નથી. અજ્ઞાની રાગ કરે છે. રાગ અને દ્વેષ કરે છે. દુનિયાના વેપાર-ધંધા ત્રણકાળમાં કોઈ દિ' એ કરતો નથી. એમ હશે? 'મલૂકચંદભાઈ'! દુકાનના થડે બેસીને ધંધા કરે એ તો બધી પુદ્‌ગલની ક્રિયા છે. કહો, સમજાય છે કાંઈ? 'અનુભવ પ્રકાશ'માં ખૂબ લખ્યું છે. આમાં— 'આત્માવલોકન'માં પણ લખ્યું છે. સમજાણું? છે ને?

મુમુક્ષુ : એમાં તો લખ્યું છે, પુદ્‌ગલના છે.

ઉત્તર : હા, એ પુદ્‌ગલની વાત (છે), એ બધો પુદ્‌ગલનો ખેલ છે. આત્મા ક્યાં કરે એને? સમજાણું કાંઈ? 'અનુભવ પ્રકાશ'માં પાછળ છે. ખાવું, પીવું, હરવું, ફરવું બધી જડની ક્રિયા છે. 'અનુભવ પ્રકાશ', 'દીપચંદજી', 'દીપચંદજી' સાધર્મી થઈ ગયા. ૨૦૦ વર્ષ પહેલાં દિગંબરમાં (થયા), બહુ સરસ! પહેલા તો દિગંબર ગૃહસ્થ પણ એવા હતા, પંડિત પણ ઘણા આત્માર્થી (હતા). 'અનુભવ પ્રકાશ' અહીં છે, લ્યો! અહીં છે. (પાનું-૬૫).

**'દશ પ્રકારનો પરિગ્રહ—ક્ષેત્ર, બાગ, નગર, કૂપ, વાપી, તળાવ, નદી આદિ...'** જેટલા પુદ્‌ગલો કહીએ છીએ તે બધા પર છે. એને આત્મા કાંઈ કરી શકતો નથી. **'માતા, પિતા, કલત્ર, પુત્ર, પુત્રી, વધૂ, બંધુ, સ્વજન આદિ... સર્પ, સિંહ, વ્યાઘ્ર, ગજ, મહિષા આદિ બધાય દુષ્ટો, અક્ષર, અનક્ષર શબ્દાદિ, ગાવું બજાવવું, સ્નાન, ભોગ, સંયોગ-વિયોગની બધી ક્રિયા, પરિગ્રહનો મેલાપ તે મોટો, પરિગ્રહનો નાશ તે દરિદ્ર વગેરે બધી ક્રિયા... '** એ બધી જડની ક્રિયા છે. **'ચાલવું, બેસવું, હાલવું, બોલવું, કંપવું વગેરે બધી ક્રિયા; લડવું, બાથ ભીડવી, ચઢવું, ઊતરવું, કૂદવું, વાંચવું, ખેલવું, ગાવું, બજાવવું વગેરે બધી ક્રિયાએ સર્વ પુદ્‌ગલનો ખેલ જાણ.'**

મુમુક્ષુ : ખાવું ન આવ્યું?

ઉત્તર : આવ્યું ને! શું ન આવ્યું? ખાવું નથી આવ્યું? એ આવ્યું, જુઓ! **'નર, નારક, તિર્યંચ, દેવ, તેમના વૈભવ, ભોગકરણ, વિષયરૂપ ઇન્દ્રિયોની ક્રિયા આદિ સર્વ પુદ્‌ગલનું નાટક છે.'** લ્યો! પુદ્‌ગલનો ખેલ છે. આ હાલે, ચાલે, વાણી નીકળે, વેપાર-ધંધા એ તો જડની ક્રિયા (છે), આત્મા એને કરે? 'દીપચંદજી'એ બનાવ્યું છે. સમજાણું? **'આદિ સર્વ પુદ્‌ગલનો અખાડો છે.'** એ સર્વ ઇન્દ્રિય આદિ, ક્રિયા આદિ પુદ્‌ગલ નાટક છે. **'દ્રવ્યકર્મ, નોકર્મ આદિ સર્વ પુદ્‌ગલનો અખાડો છે. તેમાં તું ચિદાનંદ રંજિત થઈ પોતાના જાણે છે. પોતાના દર્શનજ્ઞાનચારિત્રાદિ અનંતગુણના અખાડામાં પરિણતિપાત્રો નાચે છે, સ્વરૂપરસ ઊપજાવે છે. જેટલા ગુણ છે તેટલાને વેદે છે. સર્વ ભાવો (સ્વરૂપ) સત્તા...'** એ પછી બીજું લીધું છે. એ બધા પુદ્‌ગલના ખેલ છે. આ રાંધવું, ખાવું, આ ચૂલા થવા, અગ્નિ સળગવી, પાણી ગળવું એ બધી જડની ક્રિયા, પુદ્‌ગલનું નાટક છે.

મુમુક્ષુ : કર્યા વિના રોટલા થાય?

ઉત્તર : ધૂળેય કરતો નથી. કોણ કરે? તેમાં તેને રાગ-દ્વેષ થાય છે, બસ! કોઈ કરતું નથી. કરે કોણ? (પાનું-૩૩) **'એ પ્રમાણે દેહ જડ છે. એના ભોગને તું પોતારૂપ માની જૂઠ જ જડની ક્રિયાને શા માટે પોતાની માને છે?'** લ્યો! **'જેમ સર્પ કોઈને કરડે (અને) કોઈ બીજાને ઝેર ચઢે તો અચરજ માનીએ છીએ. (તેમ) જડ ખાય, પહેરે, સ્નાન, તેલમર્દન આદિ ક્રિયા કરે (ત્યાં) તું કહે છે કે 'મેં ખાધું, મેં ભોગવ્યું'** મેં ખાધું, મેં પીધું, મેં ભોગ કર્યો. એ તો જડની ક્રિયા છે. આહાહા..! આ માને ઈ માને નહીં. એ માંદા, માંદા છે, માંદા. મિથ્યાત્વથી માંદા રોગી થઈ ગયા છે, રોગી. જુઓને! એક આ 'દીપચંદજી' જેવા ગૃહસ્થાશ્રમમાં (રહેતા હતા), જેણે 'અનુભવ પ્રકાશ' બનાવ્યું, 'આત્માવલોકન' બનાવ્યું, 'ચિદ્‌વિલાસ' બનાવ્યું. મહા સાધર્મી, સમ્યગ્જ્ઞાની સાધર્મી થઈ ગયા છે.

મુમુક્ષુ : તેને કાંઈ સંબંધ નથી?

ઉત્તર : છે ને! એ ખેલ આત્માનો નહિ અને પોતામાં રાગ થાય એ પણ મારું સ્વરૂપ નહિ, હું ચિદાનંદ સ્વરૂપ છું, એવી દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ : ખાવું, પીવું કે નહિ?

ઉત્તર : કોણ ખાય, પીવે? કીધું ને આ? આ શું આવ્યું? આ જડ ખાય, પહેરે અને સ્નાન, તેલમર્દન (કરે). આ તો ગુજરાતી છે, ગુજરાતી કર્યું છે ને? હિન્દીમાં છે. આપણે હિન્દી છે કે નહિ? આ તો હિન્દીનો અનુવાદ છે.

મુમુક્ષુ : ખાવું કે ન ખાવું?

ઉત્તર : ઈ કીધું આ. મેં ખાધું, મેં ભોગ કર્યો, એ પરનો સ્વામી થા, પરસ્વામી થાય. પરસ્વામી પણ આવું માને નહિ અને તું મૂંઢ આ શું માને છે? (એમ) કહે છે. લક્ષ્મી પરની. કોઈ એમ પણ ન માને કે આ 'માણેકચોક'માં ઝવેરાત છે, ત્યાં કોઈ નીકળે ઈ માનતો હશે કે આ મારી લક્ષ્મી છે? આ એવું છે. હેં? 'માણેકચોક'માં ઝવેરાતની દુકાન હોય અને માણસ નીકળે તો એમ માની લે, આ મારી ઝવેરાત છે? એમ આ મૂઢ જ્યાં નીકળ્યો ત્યાં (પોતાનું માની લીધું). પાગલ કહે. એમ આ જ્યાં નીકળે ત્યાં લક્ષ્મી દેખાણી, બાયડી, છોકરા, કુટુંબ (મારા), એ તો પરવસ્તુ છે, તારી ક્યાં છે? મૂઢ.

મુમુક્ષુ : ...

ઉત્તર : ઈ કહે પણ ભાષા જ ક્યાં એની છે? પુદ્‌ગલ કહે, છોકરો ક્યાં કહે છે? એ તો પુદ્‌ગલની ભાષા છે. 'ન્યાલભાઈ'! આ ભારે નાટક! એ તો શાસ્ત્રમાં બધી વાત છે. પહેલાના દિગંબર ગૃહસ્થો થયા. 'બનારસીદાસ', 'ટોડરમલજી', 'ભાગચંદજી', 'દ્યાનતરાય', 'દૌલતરામ', 'દીપચંદજી' મોટા સમ્યગ્જ્ઞાની, એની બધી વાત સત્ય છે. આ બસો વર્ષમાં ઘણી ગડબડ થઈ ગઈ. અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ, બહુ ગડબડ. આ વાત માને નહિ. ખોટું છે, એમ કે નહીં.

'મેં ખાધું, મેં ભોગ્યું' (એમ) પરનો સ્વામી થયો.પરનો સ્વામી પણ એવું તો માનતો નથી. જેમકે : રાજા નોકરનો સ્વામી છે. (છતાં) તેના ધરાવાથી (પાઠાન્તર નોકર ભોજનથી તૃપ્ત થવાથીઃ રાજા એમ કહેતો નથી કે 'હું ધરાયો છું'. વળી તું દેખ, તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે' આવું ઊંધું માને છે, તને દુઃખ થાય છે, જો! સમજાય છે? 'અનુભવ પ્રકાશ', 'ચિદ્‌વિલાસ', 'આત્માવલોકન' બહુ સરસ ! શાસ્ત્ર પ્રમાણે અંતર દૃષ્ટિથી બહુ સરસ લખ્યું છે પણ અત્યારે તો વાંચનની નિવૃત્તિ નહિ અને ઓલા વાંચે તો શાસ્ત્રની ઉપર દૃષ્ટિથી કયા નયનું કથન છે એની ખબર નહિ. (અત્યારે અજ્ઞાની એમ કહે છે), સોની આભૂષણ બનાવી શકે છે અને આભૂષણનું ફળ ખાઈ શકે છે. ધૂળેય ખાઈ શકતો નથી, સાંભળને! બે ઠેકાણ (વાત) છે. આપણે તો પહેલા હિન્દી વાંચેલું છે ને! હિન્દી પણ વ્યાખ્યાનમાં વાંચ્યું છે અને ગુજરાતી પણ વાંચેલું છે.

મુમુક્ષુ : હિન્દી ઉપર વ્યાખ્યાન થઈ ગયા છે.

ઉત્તર : હા, હા.

જુઓ! શું (કહે છે), જુઓ! '**પોતાનો આનંદ પોતાને આપે છે,...**' કહો, સમજાણું? 'અનુભવ પ્રકાશ'માં ૩૯ પાનું અને ૬૫ પાનું છે. '**પોતાનો આનંદ પોતાને આપે છે,...**' ભગવાનઆત્મા પોતામાં અતીન્દ્રિય આનંદ છે, અંદર સ્વભાવ (છે) એની અંદર એકાકાર થઈ અતીન્દ્રિય આનંદ પ્રગટ કર્યો એ પોતાને પોતે દીધો. બીજો કોણ આપે ને કોણ લે છે? કહો, સમજાણું? તેનું નામ દાન છે. '**અનંત દાન કરનાર છે.**'

'**નિરંતર સ્વઆત્માનંદનો લાભ કરવો તે જ અનંત લાભ છે.**' નિરંતર સ્વઆત્માનો આનંદ (તે લાભ છે). આ પૈસા મળ્યા (તો) લાભ થયો, સાંઈઠ વર્ષે છોકરો થયો તો.. ઓ..હો...! (કરે). ધૂળેય નથી, સાંભળને! પોતાના સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ છે. વિકારથી હટીને

નિર્વિકાર આનંદમાં લીન થઈ અતીન્દ્રિય આનંદનો લાભ અવસ્થાદશામાં થાય તેનું નામ અનંત લાભ કહેવામાં આવે છે. લ્યો, 'મલૂકચંદભાઈ' આ પૈસાનો લાભ, લાભ નથી, એમ કહે છે. સાચી વાત છે?

મુમુક્ષુ : એ તો અનુભવસિદ્ધ વાત છે.

ઉત્તર : શું અનુભવસિદ્ધ છે? છોકરાઓ કંઈ આપતા નથી, એમ? કોણ આપે કોને? બે છોકરા મોટા ત્રણ કરોડ રૂપિયાવાળા, લ્યો! અહીં આટલા નાના બંગલામાં—મકાનમાં રહેવું? લ્યો, ઉઘાડ્યું ત્યાં ૬૫ પાનું નીકળ્યું, એ નીકળ્યું, જુઓ! પહેલા જે વાંચ્યું ઈ.

'સો કહતે હૈં : દશ પ્રકાર કા પરિગ્રહક્ષેત્ર, બાગ, નગર, કૂપ, વાપી, તડાગ (તાલાબ), નદી આદિ સબ પુદ્ગલ; માતા, પિતા, કલત્ર, પુત્ર, પુત્રી, વધૂ, બંધુ, સ્વજનાદિ સર્વ (કુટુંબીજન), સર્પ, સિંહ, વ્યાઘ્ર, ગજ, મહિષ આદિ સબ દુષ્ટ; અક્ષર, અનક્ષર, શબ્દાદિ, ગાના, બજાના, સ્નાન, ભોગ, સંયોગ-વિયોગ કી સબ ક્રિયા, પરિગ્રહ કા મિલાપ સો બડા, પરિગ્રહ કા નાશ તો દારિદ્રયાદિ સબ ક્રિયા, ચલના, બૈઠના, હિલના, બોલના, કાંપના આદિ ક્રિયા, લડના, ભિડના, ચઢના, ઉતરના, કૂદના, નાચના, ખેલના, ગાના, બજાના આદિ જિતની ક્રિયાએઁ સબ પુદ્ગલ કા ખેલ જાનો.' ભાઈ! આ તમારી હિન્દીમાં (છે). 'તખ્તમલજી' આ તમારી હિન્દીમાં લીધું. આહાહા..! પુદ્ગલની ખેલ ક્રિયા (છે), તો આ માને કે મારાથી થઈ. મૂઢ છે. તારી દૃષ્ટિમાં જ ફેર છે. આહાહા..!

'નર, નારક, તિર્યંચ, દેવ, ઉનકા વૈભવ, ભોગકરણ, વિષયરૂપ ઇન્દ્રિયોં કી ક્રિયા આદિ સર્વ પુદ્ગલ કા નાટક હૈ. દ્રવ્યકર્મ, નોકર્મ આદિ સર્વ પુદ્ગલ કા અખાડા હૈ, ઉસમેં તૂ ચિદાનંદ રંજિત હોકર અપના જાનતા હૈ.' 'પર મેં અપનાપન માનકર તૂ ઈસપ્રકાર દુઃખ પ્રાપ્ત કર રહા હૈ કિ જૈસે મુરદે કો વસ્ત્રાભૂષણ પહિનાકર માને કિ 'મૈંને પહિને હૈં'. તૂ જીવન્ત હોનેપર ભી ઉનકો જૂઠ હી અપના માન રહા હૈ.' મેં પહેર્યું, આ તો જડની ક્રિયા છે. સમજ્યા ને? 'ઈસપ્રકાર શરીર જડ હૈ; ઉસકે ભોગોં કો તૂ અપને માનકર વ્યર્થ હી કિસલિએ જડ કી ક્રિયા કો અપની માન રહા હૈ?' દેહની ક્રિયા થાય તો કહે, મેં ભોગ લીધો. આ તો જડની ક્રિયા છે, તેં ક્યાં ભોગ લીધો? કેટલું સ્પષ્ટ કર્યું છે! ભોગવી શકે, જડને ભોગવી શકે એવું ક્યાંક આવ્યું છે.

મુમુક્ષુ : 'કુંદકુંદાચાર્ય' કહે છે.

ઉત્તર : શું 'કુંદકુંદાચાર્ય' કહે છે? તને ખબર નથી.

મુમુક્ષુ : તન્મય ન થાય.

ઉત્તર : તન્મય ન થાય એનો અર્થ શું થયો? તે રૂપે થયા વિના તેનો ભોગ ક્યાંથી આવ્યો? તે રૂપે થયા વિના તેનો કર્તા ક્યાંથી થયો?

'વ્યર્થ હી કિસલિએ જડ કી ક્રિયા કો અપની માન રહા હૈ? જૈસે સાંપ કાટે કિસીકો ઔર વિષ કિસી દૂસરે કો ચઢે તો અચરજ માનતે હૈં. (વૈસે હી) જડ ખાયે, પીએ, સ્નાન, તેલમર્દનાદિ ક્રિયા કરે, (વહાં) તૂ કહે કિ 'મૈંને ખાયા, મૈંને ભોગ લિયા' (ઈસપ્રકાર) પર કા સ્વામી હુઆ. સો પર કા સ્વામી ભી ઐસા તો નહીં માનતા. જૈસે રાજા દાસોં કા સ્વામી હૈ. (તથાપિ) ઉનેક તૃપ્ત હોને સે (પાઠાન્તર : નોકર ભોજન સે તૃપ્ત હોને સે) રાજા ઐસા નહીં કહતા કિ 'મૈં તૃપ્ત હુઆ હૂં'. ઔર તૂ દેખ, તેરી ઐસી ચાલ તુજે હી દુઃખદાયી હૈ.' આહાહા..! કહો, આ શરીર, વાણી, મન તો જડ છે. તેની ચાલવું, હલવું ક્રિયા તો જડનો ખેલ છે, તારો છે?

મુમુક્ષુ : દાન તો દેવું કે નહિ?

ઉત્તર : કોણ દાન આપી શકે છે? દાનનો ભાવ પોતામાં થાય છે. રાગની મંદતા, પુણ્ય (થાય). લક્ષ્મી

જાવી, આવવી એ આપણા અધિકારની વાત છે? ભાવ થાય છે કે, આટલી લક્ષ્મી દાનમાં ખર્ચું. ઈ ભાવ શુભભાવ છે, એ પુણ્ય છે. પણ પુણ્યભાવ થયો તો લક્ષ્મી જાય છે એમ પણ નહિ અને લક્ષ્મી જવાની છે તો શુભભાવ થયો છે એમ પણ નહિ અને શુભભાવ થયો તો ધર્મ થયો એમ પણ નહિ. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? 'અનુભવ પ્રકાશ' છે, ભાઈ! જોયું છે ક્યારેય? 'દીપચંદજી'નું છે. 'દીપચંદજી સાધર્મી, કાસલીવાલ' છે. બહુ સરસ! અને સાદી ભાષા. હિન્દી ચાલતી ભાષામાં લખ્યું છે. વ્યાખ્યાન થઈ ગયા છે.

મુમુક્ષુ : બે દિ'ન ખાય ત્યાં જીવ મોળો પડી જાય.

ઉત્તર : જીવ મોળો પડે કે શરીર? બે દિવસ ખાવાનું ન મળે તો જીવ મોળો જાય છે, એમ કહે છે, શેઠ! બે દિવસ ન ખાય તો શરીર મોળું કે આત્મા? કોણ મોળું પડે છે? મહા મુનિઓ તો છ-છ મહિનાના અપવાસ કરે છે અને એવી તપસ્યાની લબ્ધિ હોય છે કે શરીર એવું ને એવું રહે. છ-છ મહિનાના અપવાસ કરે અને શરીર એવું ને એવું. સુંદર.. સુંદર.. સુંદર... એમાં શું છે? સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે, '**નિરંતર સ્વાત્માનંદનો લાભ કરવો તે જ અનંત લાભ છે.**' આ રાગ થવો એ પણ તારો લાભ નથી, પુણ્યભાવ થયા તે પણ તારો લાભ નથી. પરની લક્ષ્મી મળી, સ્ત્રી મળી, કુટુંબ મળ્યું એમાં તને શું લાભ થયો? ધૂળમાં. આહાહા..! '**સ્વાત્માનંદનો જ નિરંતર ભોગ છે.**' જુઓ! આત્મા આનંદસ્વરૂપની દૃષ્ટિ કરીને આનંદનો અનુભવ કરવો તેનું નામ ભોગ છે. જડનો ભોગ, શરીરનો ભોગ એ પોતાનો છે? '**પોતાના આત્માનો જ વારંવાર ઉપભોગ છે.**' જુઓ! વારંવાર આનંદનો અનુભવ કરવો તે ઉપભોગ છે. પરવસ્તુને કોણ ભોગવે? એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ, એમ કહે છે ને? પર ચીજને કોણ (ભોગવે)? એ તો વિકલ્પની વાત કરે છે.

'**ગુણોમાં પરિણમન કરતાં કદી પણ ખેદ પામતો નથી એ જ અનંત વીર્ય છે.**' અનંત વીર્ય આત્મામાં છે. પોતાની શક્તિનું એકાકાર પરિણમન કરવાથી જેનું બળ ઓછું થતું નથી પણ બળની વૃદ્ધિ થાય છે. કહો, સમજાણું? એ પછી તપસ્યાની વાતું છે. એ કંઈ નહિ. કાયક્લેશની વાત છે. નિશ્ચય અને વ્યવહાર પ્રાયશ્ચિત કહ્યું છે, ઠીક છે.

'**અભેદનયથી એક અખંડ આત્માનું ધ્યાન કરવું...**' અભેદનયથી એક અખંડ આત્માનું ધ્યાન કરવું '**તો સ્વાનુભવની પ્રાપ્તિ થશે.**' એ લાભ થયો. '**એ જ આત્મદર્શન છે અને એ જ સુખશાંતિ આપનાર ભાવ છે. એ જ આત્મસમાધિ છે, એ જ નિશ્ચય રત્નત્રયની એકતા છે. મુમુક્ષુ જીવે નિશ્ચિંત થઈને પરમ પ્રેમથી પોતાના આત્માનું જ આરાધન કરવું જોઈએ.**' એ 'બૃહત સામાયિક'માં કહ્યું છે. હવે, ૮૧ (ગાથા). હવે આંકડા ગયા. ઓલા આંકડા હતા ને? બે, ચાર (એમ).

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૧૯૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૭–૩–૧૯૮૩, પ્રવચન નં. ૭૩ (વિષય : માર્ગદર્શન)**

**બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ તે જ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ ખરેખર સાચી સંપદા છે. ૧૯૧.**

'પરમાગમસાર' પાનું–૫૬, ૧૯૧ બોલ. **'બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ સંપદા નથી.'** સંપદા અને વિપદાનું ધોરણ લૌકિકમાં અને અલૌકિકમાં તદ્દન જુદું છે. બહારમાં પ્રતિકૂળતા આવે છે એને વિપદા કહે છે. શરીરમાં રોગ થવો, નિર્ધનતા થવી, કુટુંબ–પરિવારમાં હાનિ થવી, અનેક પ્રકારે બહારમાં આધિ–વ્યાધિ–ઉપાધિના જે પ્રસંગ છે એને જગતમાં વિપદા કહેવામાં આવે છે. આખું જગત તમામ સંસારી જીવો એને વિપદા કહે છે.

ભગવાન કહે છે કે એ ખરેખર વિપદા નથી. એ ખરેખર સાચી વિપદા નથી. જે–તે પ્રકારના અનિષ્ટ સંયોગ–વિયોગ થાય છે, સંયોગ પણ અનિષ્ટ થાય છે અને વિયોગ પણ અનિષ્ટ થાય છે. જેની કલ્પના અનકૂળતાની કરી છે એનો વિયોગ થાય ત્યારે એને ઈષ્ટ વિયોગ કહે છે. જે પ્રતિકૂળ સંયોગ છે, જેને ઈચ્છતા નથી, ઈચ્છવામાં આવતા નથી એવા અનિષ્ટ પ્રકારના સંયોગ થાય તેને અનિષ્ટ સંયોગ કહે છે. અનિષ્ટ સંયોગ અને ઈષ્ટ વિયોગ એ બે પ્રકારે વિપદા છે.

બહારની સંપદા એટલે અનુકૂળતાઓ. ધન, દોલત એને તો સંપત્તિ કહે જ છે પણ શરીર સ્વસ્થ સારું હોય તો એને શરીરનું ધન કહેવામાં આવે છે. એ જ પ્રકારે બહારમાં કુટુંબ, પરિવાર, આબરૂ, સગા, સંબંધી, મિત્રો એનું જૂથ સારું હોય તોપણ એ બધી અનુકૂળ સંપત્તિ ગણવામાં આવે છે. ટૂંકામાં આખા જગતમાં અનુકૂળતા અને પ્રતિકૂળતાનો જે ખેલ છે એ અસ્તિ–નાસ્તિ ઉપર છે. અમુક પ્રકારની હયાતી થાય સંયોગની અને અમુક પ્રકારની બિનહયાતી થાય સંયોગની ત્યારે જગતનું એક ધોરણ નક્કી કર્યું છે જગતના જીવોએ. પોતાની અનેક પ્રકારની વિભાવભાવોમાં ઉત્પન્ન થતી જે ઈચ્છાઓ, એ ઈચ્છાઓની પૂર્તિ અને એની અંદર થતી જે કષાયની તીવ્રતા–મંદતા, આકુળતા ઓછી અને વધતી થવી એના ઉપર અનુકૂળતા અને પ્રતિકૂળતાનું ધોરણ બાંધવામાં આવ્યું છે.

આખું જગત એ રીતે ચાલે છે, કે અનુકૂળ સંયગો મળતા સુખ છે અને કહેવાતા અનુકૂળ સંયોગોની હાની થતાં દુઃખ છે. પછી આજથી દસ હજાર વર્ષ પહેલા જન્મેલો હોય તોપણ એણે એમ વિચાર્યું છે અને હવે પછી લાખ–પચાસ હજાર વર્ષ પછી સંસારનો જીવ

એમ જ નક્કી કરે છે. આ ક્ષેત્રે જન્મેલો પણ એમ વિચારે છે અને અન્ય ક્ષેત્રે જન્મેલો પણ સંસારી જીવ આમ જ વિચારે છે. 'રશિયા' અને 'અમેરિકા'વાળો કાંઈ સંયોગમાં સુખ નથી એવું વિચારતો નથી. એની દોડ પણ સંયોગના સુખ પાછળ છે. જે જડ રજકણોમાં સુખનો છાંટો નથી, સુખનો અંશ નથી, અરે..! સુખની ગંધ પણ નથી એવા પુદ્‌ગલ રજકણમાં ઘણું સુખ છે અને ત્યાંથી સુખ મેળવી શકાય છે તેની પાછળ આખા જગતની દોડ છે અને તમામ ધમાલ અને ઘર્ષણ ને લડાઈ હોય તો એનું કારણ આ છે. એક જીવને આખું જગત ઓછું પડે છે.

એક જીવની ઈચ્છા એન્લાર્જ કરવામાં આવે તો આખું જગત એને ઓછું પડે છે. જગતના અનંતા જીવો છે એ બધાયને આખું જગત જોઈએ છે. પછી એમાંથી ઘર્ષણ ન થાય તો થાય શું? વડા પ્રધાનની ખુરશી એક જ છે આખા દેશમાં અને ઉમેદવાર ઘણા છે. જાહેરપણે તો કેટલાક છે અને બિનજાહેરાતપણે તો કોઈ ના પાડે એવું નથી. પછી આમાંથી ઘર્ષણ ન થાય તો થાય શું પણ?

અમારે એક મિત્ર હતા. 'રવિન્દ્રનાથ ટાગોર'ની જન્મજયંતિ આવી ત્યારે.. આમ જરા સજ્જન માણસ હતા, કે આજે વિશ્વની અંદર 'રવિન્દ્ર નાથ ટાગોર'ની જન્મજયંતિ ઉજવાશે. એમને સામાન્ય રીતે ગુરુદેવ કહે છે બધા. 'શાંતિનિકેતન' એણે સ્થાપ્યું છે ને? બધા એને ગુરુદેવ કહે છે. આજે ગુરુદેવની જન્મજયંતિ આખા વિશ્વમાં ઉજવાશે. ભલે આ માણસ—આ માનવી ભારતનો છે પણ જુઓ એની મહાનતા કે આખું વિશ્વ એની જન્મજયંતિ ઉજવશે. કેમકે બીજા સંપ્રદાયમાં ભલે કહેવાતા મહાનપુરષો હશે, ઘણા કહેવાણા હશે, પણ આખું જગત કાંઈ જન્મજયંતિ ઉજવે છે? તે તે સંપ્રદાયવાળા ઉજવે છે. આની તો કેટલી વિશાળ ખ્યાતિ છે અને વિશાળ પ્રમાણના અન્ય દેશોના લોકો પણ એને સ્વીકારે છે. એનું કારણ છે એમ કરીને વાત કરી કે એણે જગતને એવું સૂત્ર આપ્યું, એવી વાત આપી, એવો બોધ આપ્યો કે માનવ માનવ વચ્ચે પ્રેમ કરવા યોગ્ય છે. ઠીક! માનવી-માનવી વચ્ચે લડાઈ ન કરવી જોઈએ. પણ માનવ-માનવ વચ્ચે પ્રેમ કરવો જોઈએ. તેથી જગતના સર્વ માનવીઓ એક દેશ અને બીજા દેશના વિભાગને ભૂલીને એને આદર કરે છે. આ વાત ઉપર એનો આદર કરવામાં આવે છે. કુદરતી ભાઈ જૈન હતા.

મેં કહ્યું સારી વાત છે ચાલો. હું એમ પૂછું છું કે એમણે જે ઉદાર વિશાળ વિચાર આપ્યો કે કોઈપણ માનવીએ એક દેશને બીજા દેશના માનવી ગણીને ઘર્ષણમાં નહિ, લડાઈમાં આવીને એકબીજાની હિંસા નહિ કરવી જોઈએ, પણ પરસ્પર પ્રેમ કરવો જોઈએ તો એમના માટે એમણે પ્રયોગ શું આપ્યો છે? આ તો એક થિયરી થઈ. વ્યાખ્યા થઈ. આનો પ્રયોગ શું છે એમની પાસે? તો કહે એ તો કાંઈ ખબર નથી. મેં કીધું આમ ને આમ તમારા જેવા જ બધાય આવી રીતે આદર કરે છે. બીજી કાંઈ આગળની કોઈને ખબર નથી. એનો કોઈ પ્રયોગ હોવો જોઈએ.

જગતમાં ચીજ થોડી છે અને તે બધાને જોઈએ છે. પછી એનું ઘર્ષણ કેમ મટાડી શકાશે? ચીજ મર્યાદિત છે, જગતના જે કાંઈ પદાર્થો છે એ મર્યાદિત છે અને એને લેવાવાળા અમર્યાદિત છે. એમાં પ્રેમ રહેવાનો ક્યાં છે અને કઈ રીતે રહે? રહી શકે નહિ. વાસ્તવિકતાથી આ વાત દૂર છે. વાસ્તવિકપણે એમ બની શકે નહિ. હા, એનો જો પ્રયોગ સમજાવવામાં આવે અને એ પ્રયોગ કરવા બધા અપનાવવા તૈયાર હોય, માત્ર વાતે વડા નહિ થાય, સૂત્ર અપનાવા તૈયાર હોય પણ સાથે એનો પ્રયોગ અપનાવવા તૈયાર હોય તો જ એ પરસ્પર

પ્રેમ રહેશે.

દાખલા તરીકે એક નળ છે અને ચાર ભાડુત બાલદી લઈને પાણી ભરવા નીકળ્યા, નળનો ટાઈમ પાણીનો આવવાનો શરૂ થાય ત્યારે. હવે ઘર્ષણ ક્યારે થાય? કે પહેલો હું. તો ઘર્ષણ થાય. અને પહેલા તમે તો? તો ઘર્ષણ ન થાય. તમે પહેલા ભરી લ્યો. આપણે ભલે સાથે નીકળ્યા, સાથે ભેગા થયા પણ પહેલા તમે પતાવો. તો સામો માણસ એમ કહેશે કે ના ના પહેલા તમે ભરી લ્યો. મને શું બીજો ફરક પડે છે? તો ઘર્ષણ ન થાય. પણ એ તો જતું કરવામાં અને ત્યાગ કરવામાં છે અને એ ત્યાગનો સિદ્ધાંત અને ત્યાગનો પ્રયોગ જૈનદર્શનમાં જે છે કે પરપદાર્થ તને સુખનું કારણ નથી, આ બહારની સંપદા ખરેખર સંપદા નથી, આ વિષય ત્યાં છે.

વળી એ સિદ્ધાંત તો સંકુચિત છે. જૈનદર્શનના સિદ્ધાંત પાસે માનવી માનવીનો સંહાર ન કરે, પ્રેમ કરે એને જેને તમે વિશાળતા, વિશ્વની વિશાળતા કહો છે અમે તો હજી એને સંકુચિતતા કહીએ છીએ. જૈનદર્શન તો કહે છે કે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના કોઈ જીવનો સંહાર ન થાવ. ઠીક! આ માનવીને બચાવવા માટે માછલાને મારવાનો તો કાયદો ઘડવામાં તમને વાંધો નથી. છે ને અત્યારે? મત્સ્ય ઉદ્યોગ રાજ્યમાં ચાલે છે. ગુજરાત રાજ્યમાં પણ ચાલે છે અને બધા રાજ્યમાં ચાલે છે. જ્યાં જ્યાં સમુદ્રનો કિનારો લાગુ પડે છે ત્યાં લાખો-હજારો માછલા નહિ પણ હજારો ટન માછલા મારવામાં આવે છે. હજારો માછલા નહિ, હજારો ટનમાં માછલા મારવામાં આવે છે.

આ 'જાફરાબાદ'ની ખાડી છે, 'વેરાવળ'નો દરિયો કિનારો છે. એ માછલાને મારીને રાખવાની જગ્યા એકરમાં રાખવી પડે છે. ગોડાઉનમાં તો એ સમાય નહિ. આમ તો એને ખુલ્લામાં રાખવા પડે છે. સૂકવે છે ને. પણ એ બાજુ માઈલો સુધી હવા ખરાબ થાય છે. હવે એ શું કરવા છે? કે માણસને બચાવવો છે, માણસને ખોરાક જોઈએ છે. જ્યારે માણસને જીવવું છે ત્યારે બીજાને મરવું કે જીવવું એનો એ વિચાર કરતો નથી એ સંકુચિત વિચાર છે. જૈનદર્શનની વિશાળતા એનાથી અનંતગુણી છે. લાખ, હજાર, કરોડ, અબજગુણી નથી પણ અનંતગુણી છે. એવા વિશાળ સિદ્ધાંતો જેમાં રહ્યા છે એવા જૈનદર્શનના સંપ્રદાયમાં તમે છો. તમે એમ વિચાર કરો છો કે આ 'ગુરુદેવ'ની જન્મજયંતિ કેટલી વિશાળતાથી ઉજવાય છે! તો જૈનદર્શનના સિદ્ધાંતના પ્રણેતાની જન્મજયંતિ કેટલા વિશાળ પ્રમાણમાં ઉજવાવી જોઈએ એ વિચારણીય વિષય છે.

કહે છે કે એ માપ છે એ આખું અજ્ઞાનતાથી ઊભું થયેલું જડ રજકણમાં સુખની હયાતીનો સ્વીકાર કરનાર અંધશ્રદ્ધાળુઓનું છે. ઠીક! જગતમાં કહેવાતા ડાહ્યા અંધશ્રદ્ધાળુમાં ખતવાય એવું છે અહીંયાં. કોઈને પૂછવામાં આવે કે તમે તો કાંઈક ગણનાપાત્ર માણસ છો. અતિ મેધાવીને જગત પણ સ્વીકારે છે. 'શ્રીમદ્જી' લખે છે ને એક જગ્યાએ. જે ઘણો બુદ્ધિશાળી હોય એને તો જગત પણ સન્માન આપે છે (કે) આ બુદ્ધિશાળી માણસ છે. એની બુદ્ધિમાં વાત આવે તો કાંઈક સમજવા યોગ્ય વિચારવા યોગ્ય હોય છે. તો એને એમ પૂછવામાં આવે કે આ જડ રજકણ એટલે અનુકૂળતા અને સંપદામાં સુખ છે એવું તમારી બુદ્ધિથી તમે નક્કી કર્યું. એમાં સત્ય કેટલું છે? કે એમાં અંધશ્રદ્ધા છે? જો એને સીધો અંધશ્રદ્ધાળુ કહો તો એને ચોટ લાગે એવું છે કે અરે..! હું વિચારક માણસ વિચાર્યા વિના કાંઈ સ્વીકારું નહિ. પણ આ જન્મ થયો ત્યારથી જ શાતામાં સુખ, અનુકૂળતામાં સુખ, ઉછેર જ જીવનો મનુષ્યપર્યાય ઉત્પન્ન થાય તો ત્યાંથી ઉછેર જ એ રીતે છે. કેમકે અનાદિના સંસ્કાર લઈને આવ્યો છે.

ચાર સંજ્ઞા તો નિગોદના જીવને અનાદિથી છે. એ ચારેય સંજ્ઞા, સંજ્ઞા નામ ઈચ્છા, એ ચારેય પ્રકારની ઈચ્છાઓમાં બીજી બધી ઈચ્છાઓનો સમાવેશ થઈ જાય છે. એ ઈચ્છાની અનુકૂળતા થતાં એને સુખ થાય છે એવો જે એનો અનુભવ છે, એવો જે એને મંદ આકુળતાને સુખ કહેવાનો, સુખ માનવાનો, સુખ અનુભવવાનો જે અનુભવ છે એ આખી વાતને મૂળથી અહીંયાં ઉથલાવે છે.

વાક્ય તો આટલું જ છે પણ અંદર વાત ઘણી છે. **'બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ સંપદા નથી.'** વાત તો એટલી જ છે પણ એમાં બહુ ઘણી વાતો ભરી છે. એક તર્ક થાય એવું છે કે શરીરની અંદર અશાતાની વેદના શરૂ થાય ત્યારે એને વિપદા ન કહેવી તો કહેવું શું? આ પ્રશ્ન થાય એવો છે કે નહિ? પીડા ઉત્પન્ન થઈ, વેદના ઉત્પન્ન થઈ, એક્સીડન્ટ થાય છે, રોગ થાય છે, અનેક પ્રકારે થાય છે ને. કોઈને કોઈ કારણસર શરીરની અંદર પીડા ઉત્પન્ન થઈ એને વિપદા ન કહેવું તો કહેવું શું? અથવા શું ખરેખર તે વિપદા નથી? આ પ્રશ્ન થાય એવો છે. જો આ સિદ્ધાંત છે તો કઈ રીતે લાગુ પડે છે? કે ખરેખર એ પીડા અને વેદનાની સત્તા જીવના મૂળ સ્વરૂપમાં નથી, જીવના સ્વરૂપમાં નથી.

શું છે કે એ પુદ્‌ગલ પરમાણુનું પરિણમન છે. ખરેખર તો એ પુદ્‌ગલ પરમાણુનું પરિણમન છે. જેમ વાતાવરણમાં રહેલા શીત પરમાણુઓનો અનુભવ ઠંડાપણે થાય છે. ઉષ્ણ પરમાણુઓનો અનુભવ ઉષ્ણતાપણે થાય છે. એટલે કે જ્ઞાન થાય છે. શીત-ઉષ્ણનું જીવને જ્ઞાન થાય છે. પણ જ્યાં જ્ઞાન થાય છે, જે જીવને જ્ઞાન થાય છે અને જ્યાં એની પર્યાયમાં જ્ઞાન થાય છે ત્યાં તે જ્ઞાન શીત કે ઉષ્ણરૂપે પરિણમતું નથી.

ભલે કોઈ જીવ એમ કહે કે મને ઠંડુ લાગ્યું અને મને ગરમ લાગ્યું. વસ્તુતાએ ત્યાં જીવ કે જીવની પર્યાય શીતપણે કે ઉષ્ણપણે પરિણમવી અશક્ય છે. એ કોઈ શક્યતા જ નથી કે જીવની પર્યાયમાં, જાણનાર એવા જ્ઞાનમાં ઠંડાપણું ઉત્પન્ન થાય કે ગરમપણું ઉત્પન્ન થાય. કેમકે એ તો જડની સ્પર્શ ગુણની પર્યાય છે. જીવમાં સ્પર્શ નામનો ગુણ નહિ હોવાથી એવી કોઈ પર્યાય જ ઉત્પન્ન થતી નથી. તો જેમ શીત-ઉષ્ણનું થવું આત્માને વિષે, જીવને વિષે અશક્ય અને અસંભવિત છે, તેમ જ વેદનાની જે પર્યાય છે એ પણ જડની અશાતા પ્રકૃતિનો સ્વાદ છે. એ પણ જડની અશાતા પ્રકૃતિનો સ્વાદ છે. એ સંબંધિત જીવને જ્ઞાન થાય છે. પણ એ અશાતાની હયાતી, એ પીડાની હયાતી, એ વેદનાની હયાતી જ્ઞાનની હયાતીમાં પ્રવેશ પામી શકતી નથી. ત્યાં એનો પ્રવેશ નથી. ત્યાં એની સ્પર્શના સુદ્ધા નથી. એને એ વેદના સ્પર્શી શકતી નથી જ્ઞાનને. જ્ઞાનમાં જણાય ભલે ખરી.

ભાઈનો હાથ કપાણો ત્યારે અમારે એ ચર્ચા એમ્બ્યુલન્સમાં ચાલતી હતી કે જુઓ, આ વેદના છે ત્યાં જ્ઞાન નથી અને જ્ઞાન છે ત્યાં જ્ઞાનની સત્તામાં વેદના નથી. બહુ પ્રમોદથી સાંભળતા હતા. ફરીને કહો, ફરીને કહો એમ કહે. ભેદજ્ઞાનનો વિષય છે ને? એટલે ઉદયને પકડીને ત્યાં એ વિષય ચાલતો હતો કે આ વેદનાની સત્તામાં જ્ઞાન નથી અને જ્ઞાનની સત્તામાં વેદના નથી. જે કોઈ પ્રકારે એ વેદના ઉત્પન્ન થઈ છે છતાં એ સત્તા બંનેની ભિન્ન ભિન્ન છે. તેથી ખરેખર એ વેદના તે વિપદા નથી. વેદના તે વિપદા નથી. પણ આ મૃત્યુ થાય એ તો વિપદા ખરી કે નહિ? વેદનાથી આગળ ચાલો. નહિ? પણ કોઈ દુનિયામાં એક ટકો, કેટલા ટકામાં તમારો મત આવે? બહુમતીથી નહિ નક્કી થાય આ

કાંઈ? દુનિયામાં ધોરણ એ છે કે બધું બહુમતીથી નક્કી કરવું. કહે છે કે એમાં ટકાવારી સત્ય-અસત્યને લાગુ પડતી નથી.

રત્નકરંડ શ્રાવકાચારમાં ભગવાન સમંતભદ્રસ્વામી તો એમ કહે છે, ત્યાં શ્રાવકનો અધિકાર લીધો છે, પાછું વળી પોતે મુનિદશામાં છે તો પોતાનો અધિકાર નથી લીધો. અને શ્રાવકનો અધિકાર લીધો એટલે મુનિ માટે તો કહેવાની જરૂર પણ રહેતી નથી. શ્રાવકાચાર છે ને? શ્રાવકાચાર લખ્યું છે. મુનિરાજ છે પોતે આચાર્ય છે. લખ્યું છે શ્રાવકાચર લખ્યું છે. શ્રાવકને-ગૃહસ્થને પણ આયુષ્ય પૂરું થવાનો કાળ છે. જેને લોકો મૃત્યુ કહે છે અને જેના નામથી ભડકે છે, જેની વાત કરવા તૈયાર નથી. મોતની અને મરણની કોઈ વાત કરવા પણ તૈયાર નથી એટલું તો એ અશુભ ગણવામાં આવ્યું છે. આ અશુભ સમાચાર લખે છે કે નહિ? અશુભ પત્ર લખે છે.

સંમતભદ્રાચાર્ય કહે છે કે એ સાધકને મૃત્યુનો મહોત્સવ છે. મૃત્યુ મહોત્સવ. ઉત્સવ નહિ. મહાઉત્સવ કહ્યો છે એને. ઠીક! એ તો શુભ પ્રસંગ છે એમ કહે છે. મહોત્સવ અશુભ કહેવાય કે શુભ કહેવાય? આખા પલાખા જ જુદા છે. લૌકિક ગણતરી અને અલૌકિક ગણતરીનો આખો વિષય ઊલટો-સુલટો છે. કેમકે એક સંસારમાર્ગ પ્રત્યે લઈ જાય છે અને એક મોક્ષમાર્ગ પ્રત્યે લઈ જાય છે. બે વચ્ચે મોટો ફર્ક છે, જબરજસ્ત ફર્ક છે. કેમકે એ મૃત્યુના પ્રસંગે સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક સાધક છે તે વિશેષ આત્મિક પુરુષાર્થ કરે છે. શુદ્ધ ચૈતન્યની હયાતીને વધારે બળવાનપણે વેદે છે અને અનુભવ કરે છે.

'સોગાનીજી' લખે છે કે કોઈ કોઈ સાધકો તો શુદ્ધોપયોગમાં દેહને છોડે છે. ઠીક! મૃત્યુ કે લિયે તૈયાર રહના. આવે છે? બે-ચાર બોલ લખે છે. મૃત્યુ કે લિયે તૈયાર રહના. અત્યારથી એની પરિણામની એવી સાવચેતી છે, સાવધાની છે કે કોઈપણ કાળે, કોઈપણ ક્ષણે દેહત્યાગનો પ્રસંગ ઉત્પન્ન થાય તો એકદમ, એક સેકન્ડમાં અંતર સાવધાનીમાં આવીને પુરુષાર્થને એક સેકન્ડમાં એટલા જોરથી પ્રગટાવે છે. સહજપણે હોં! પ્રગટાવે છે એટલે કૃત્રિમપણે નહિ. સહજપણે પ્રગટે છે કે કેટલાક સાધકો તો શુદ્ધોપયોગમાં દેહ ત્યાગ કરે છે. ઠીક! એવી વાત લીધી છે. મને સંભળાવો એ વાત પણ એને નથી. ઠીક! લીધું છે. એવું તું બીજા ઉપર શું કરવા લક્ષ કરે છો? કે મને તમે ધર્મ સંભળાવો. ધર્મી એવો જે આત્મા અનંતગુણનું નિધાન એ સ્વયં તું છો, તારી પાસે છો એને સંભાળને. એને સંભાળતા ધર્મ છે. એટલે ખરેખર એ મૃત્યુના કાળમાં જેવી જે જે સાધકની યોગ્યતા. યોગ્યતાવાળા જીવને તો દરેક પ્રતિકૂળતા અનુકૂળતા જ થઈ પડે છે. પ્રતિકૂળતા પ્રતિકૂળતા નથી થતી પણ અનુકૂળતા થઈ પડે છે.

'શ્રીમદ્જી' એક જગ્યાએ એમ કહે છે કે આ કાળમાં મુમુક્ષુ જીવને પ્રતિકૂળતાઓનું ઉત્પન્ન થવું તે સંસારથી તરવા બરાબર છે. આમ નાખ્યું છે. ઠીક! જગતના જીવો એમ ઈચ્છે છે કે વર્તમાનમાં મને બધુ અનુકૂળ રહો અને મારા ભવિષ્યકાળના બધા પ્રસંગો અનુકૂળતાથી પસાર થાવ. વગર વિચાર્યે પણ બધાનો આ અભિપ્રાય છે. વિચાર્યું હોય કે ન વિચાર્યું હોય. અહીંયાં લાઈન જુદી છે આખી.

અહીંયાં તો કહે છે કે મુમુક્ષુ જીવને આ કાળમાં પ્રતિકૂળતાઓનું ઉત્પન્ન થવું એ તો સંસારથી તરવા બરાબર છે. કેમકે સંસારનું ખરું સ્વરૂપ એ વખતે અવલોકવાનો તેને અવસર મળે છે. પ્રતિકૂળતામાં શું

(પ્રવચનનો શેષ અંશ પૃષ્ઠ-૧૭ ઉપર...)

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૭–C



... આશ્રય સાથે જોઈએ. ગુરુ શું કહી રહ્યા છે? શાસ્ત્રમાં શું આવે છે? ગુરુ શું કહે છે? એનો આશ્રય લઈને પોતે પોતાનો સ્વાધ્યાય અંતરમાં કરે કે ગુરુએ શું કીધું છે અને ગુરુનો શું આશય છે, એ આશય ગ્રહણ કરીને પોતે પોતાનો સ્વાધ્યાય કરે તો એને યથાર્થ ગુરુ શું સમજાવી રહ્યા છે અને ગુરુએ શું કીધું છે કે જ્ઞાયક આત્માનો આશ્રય કર. એ આશ્રયથી તું અંદર જ્ઞાયક, તને જ્ઞાયક પ્રગટ થાશે. એમાં ગુરુનો આશ્રય સાથે જોઈએ. પોતાના નિજ સ્વાધ્યાયમાં પણ પોતે ગુરુના આશ્રયે જે સ્વધ્યાય કરે, ગુરુએ જે માર્ગ બતાવ્યો એ પોતે પોતાના સ્વભાવ સાથે મેળવીને નિશ્ચય કરે તો આગળ જાય છે. શાસ્ત્ર સ્વાધ્યાય પણ સાથે હોય, ગુરુનો આશ્રય સાથે હોય અને પોતાનો નિજ, પોતાનું સ્વઆલંનબ સાથે હોય. એ બધું હોય તો આગળ જાય છે.

પોતાનો સ્વાધ્યાય પોતાની મતિકલ્પનાએ માર્ગ ઓળખવો મુશ્કેલ પડે છે. શાસ્ત્રોના અર્થો કરવા પોતાની મેળાએ મુશ્કેલ પડે છે. પોતાનો સ્વ-અધ્યાય પણ પોતાની મેળે મુશ્કેલ પડે છે. ગુરુએ શું કીધું છે? ગુરુનો આશ્રય લઈ અને જો તરે અને ગુરુનો આશય ગ્રહણ કરીને પોતે મૂળ પ્રયોજનભૂત તત્ત્વને ઓળખી લે. પ્રયોજનભૂતને ઓળખે તો એને તરવાનું સહેલું થાય છે. જ્ઞાયકનો આશ્રય મુખ્ય છે. પોતાને સ્વાધ્યાય મુખ્ય છે પણ એને સમજવા માટે, શાસ્ત્રને સમજવા માટે, પોતાના આત્માને ઓળખવા માટે પ્રયોજનભૂત તત્ત્વને ઓળખવા પોતે તત્ત્વનો વિચાર કરે પણ એમાં ગુરુનો આશ્રય એની સાથે હોય છે. એનો આશય સમજવો જોઈએ.

પોતાની મતિકલ્પનાએ અર્થો કરે, પોતાની મતિકલ્પનાએ વિચાર કરે, એમાં બધો વિચાર આશય સમજીને કરે એને જ્ઞાયકનો આશ્રય લે તો આગળ જાય છે. પોતાના સ્વાધ્યાયમાં જ્ઞાયકનો આશ્રય ગ્રહણ કરે, જ્ઞાયકનો નિશ્ચય કરે. ગુરુએ શું કીધું એમ કરીને જ્ઞાયકનો આશ્રય ગ્રહણ કરે. તુંબડાનો નહિ પણ જ્ઞાયક આશ્રય જે મુખ્ય છે એનો આશ્રય ગ્રહણ કરે. જ્ઞાયકનું મૂળ તત્ત્વ છે એને ગ્રહણ કરે, એનો સમ્યક્‌પણે આશ્રય લે તો એ જ્ઞાયકનો આશ્રય એને તરવાનું કામ કરે છે. પોતાને ઓળખીને થાવું જોઈએ. યથાર્થ હોય તો આગળ જાય છે.

પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે, પોતાનો નિશ્ચય કરે પણ આશ્રય જ્ઞાયકનો હોવો જોઈએ. એમાં ગુરુ શું કહે છે એ આશ્રય સાથે હોવો જોઈએ. શાસ્ત્ર હોય, પોતાનો સ્વાધ્યાય હોય, બધું હોય. ગુરુનો આશ્રય પણ હોય, પણ પોતાનો જ્ઞાયકનો આશ્રય લે તો આગળ જાય છે.

પ્રશ્ન :- આશ્રય પોતાનો લેવાનો છે અને ચાવી ગુરુગમથી પ્રાપ્ત કરવાની છે એના ઉકેલ માટે.

ઉત્તર :- હા. ગુરુ આગળથી ચાવી લેવાની છે.

પ્રશ્ન :- તો એ આગળ વધી શકે.

ઉત્તર :- તો આગળ જાય છે. તો કિનારો પાર કરે છે, સમુદ્ર તરી જાય છે.

પ્રશ્ન :- ગુરુના આશયમાં શું લેવું?

ઉત્તર :– ગુરુ શું કહે એ ગુરુનો આશય ગ્રહણ કરવો. ગુરુ તત્ત્વનું સ્વરૂપ કેમ કહે છે દ્રવ્ય-ગુણ-પર્યાયનું. આત્મા જુદો છે, આત્મા જ્ઞાયક છે, આત્મામાં સુખ છે. વિભાવ પોતાનો સ્વભાવ નથી. ગુરુ શું કહે છે એ આશય ગ્રહણ કરવો. એવી રીતે નિર્ણય પોતાના સ્વાધ્યાયમાં ગુરુનો આશ્રય લઈને, વિચાર કરીને નિર્ણય કરે અને પછી જ્ઞાયકનો આશ્રય લે તો તરી જાય છે.

પ્રશ્ન :– 'ગુરુદેવશ્રી'ના વચનામૃતમાં એક બોલમાં એમ આવે છે કે પરમાર્થે આ જાણનારો છે એ એક જ હું છું એવું અસ્તિનું જોર આવવું જોઈએ. તો કાર્ય થાય. એમાં શું કહેવા માંગે છે? પરમાર્થે આ જાણનારો છે તે એક જ હું છું એમ પોતાના હોવાપણે અસ્તિપણાથી જોવે તો પોતે જ છે, બીજું બધું નથી.

ઉત્તર :– બીજું કાંઈ નથી. એક જ્ઞાયક પોતાના અસ્તિત્વનું જોર આવવું જોઈએ. મારા જ્ઞાયકમાં બીજું કાંઈ નથી. આ વિભાવની પર્યાયો મારા મૂળ સ્વભાવમાં નથી. હું એક જ્ઞાયક જ છું એમ પોતાના અસ્તિત્વનું જોર આવવું જોઈએ. હું જ્ઞાયક છું. મારું સ્વરૂપ જ્ઞાયક, હું જ જ્ઞાયક છું. એવું પોતાનું જોર અંદરથી આવવું જોઈએ. જ્ઞાનસ્વરૂપ વસ્તુ તે જ હું છું. એમ જોર આવે, એનો આશ્રય લે તો જ એની શ્રદ્ધા થાય, તો જ એ આગળ જાય છે.

પ્રશ્ન :– હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવું જોર આવતા શું પરિણતિ જ્ઞાયકમાં ઢળી જતી હશે?

ઉત્તર :– પરિણતિ જ્ઞાયક તરફ જાય. જેને જ્ઞાયકના આશ્રયનું જોર આવ્યું એને રુચિ પોતા તરફ જાય તો પુરુષાર્થ પણ પોતા તરફ જાય છે. એટલે એ પરિણતિ પોતા તરફ આવ્યા વગર રહેતી નથી. પછી તે વિભાવ તરફ અટકી શકતી નથી. એને વધારે વધારે જ્ઞાયક તરફ જ પરિણતિ જાય છે.

પ્રશ્ન :– હું જ્ઞાનસ્વરૂપ વસ્તુ છું એટલે કે હું દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેથી જ્ઞાનસ્વરૂપ એક જ હું છું. એવું પોતાનું પ્રમાણભૂત અસ્તિત્વ એના ઉપર જોર આવતા શું પરિણતિ જ્ઞાયક તરફ ઢળી જાય ખરી? હું જ્ઞાયક છું એ વાત જુદી રહી અને હું એકલો જ્ઞાનસ્વરૂપ આત્મા જ છું. મારી અપેક્ષાએ ... નથી. એવું પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક ચૈતન્યસ્વરૂપનું જોર આવે તો શું પરિણતિ અંતરમાં ઢળી જતી હશે?

ઉત્તર :– તોપણ ઢળે છે. હું જ્ઞાયક છું એમ આવે તોપણ ઢળે. પણ જેને હું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છું એને ભેદ ઉપર લક્ષ છૂટી અને હું જ્ઞાયક છું તે પણ એની સાથે હોય છે. અને એને દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છું એમ પણ એને સાથે હોય છે. એ બેય ભેગું હોય છે. એ ભેગું જોર આવે તોપણ એ વિભાવથી છૂટી જાય છે. બેય જોર સાથે હોય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ હું અખંડ વસ્તુ છું. અને દ્રવ્યદૃષ્ટિના જોરમાં એ ગુણ-પર્યાયનું લક્ષ એને કાંઈ હોતું નથી. બેય જોર ભેગા હોય તોપણ ઢળી જાય છે પોતા તરફ. એ કાંઈ આખું જાણે એટલે એને પરથી છૂટવાનું રોકતું નથી. એ જ્ઞાન સાચું થયું એટલે એને રોકાવું પડે છે એવું કાંઈ નથી. અસ્તિત્વના જોરમાં આને બધું જાણ્યું દ્રવ્ય-ગુણ-પર્યાયને તો પોતા તરફ વળે છે. એ સાચું જ્ઞાન એને રોકતું નથી.

પ્રશ્ન :– હું જ્ઞાયક છું એવું જોર આવે કાં તો હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવું જોર આવે તોપણ પરિણતિ અંતરમાં ઢળે?

ઉત્તર :– પરિણતિ અંતરમાં જાય છે.

પ્રશ્ન :- અસ્તિત્વની જે શ્રદ્ધા કરવી કે આ છે, આવું દ્રવ્ય છે એમ અસ્તિત્વ ઉપર દૃષ્ટિ કરીને દ્રવ્યનું હોવાપણું છે.

ઉત્તર :- એ દૃષ્ટિ કરવી. સમજીને દૃષ્ટિ કરવી કે હું અસ્તિત્વ જ્ઞાયકનું તે જ હું છું.

પ્રશ્ન :- જ્ઞાયક છે તે હું છું.

ઉત્તર :- તે જ હું છું.

---

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ પ્રવચન...)

થાય છે કે જે અનુકૂળ વર્તનારાઓ હોય છે તે પણ પ્રતિકૂળતાએ વર્તવા લાગે છે. જેના પ્રત્યે જીવને મમત્વ હોય છે તે પણ મમત્વ કેટલું નિરર્થક હતું એ એને સ્પષ્ટ સમજવાનો અવસર પ્રાપ્ત થાય છે. આ બધું જોતાં નજીકમાં નજીક હોય ને કુટુંબ-પરિવારમાં દીકરા-દીકરી, પિતા-માતા, પતિ-પત્ની, નજીકમાં નજીક હોય એ પ્રતિકૂળ વર્તવા લાગે ત્યારે એને એમ થાય કે મમતા મફતનો આ જીવ કરે છે.

જે મમતા કરી કરીને એ ભવભ્રમણ વધારે છે એ કેટલી મૂર્ખાઈ ભરેલી છે એ એને ત્યારે સમજાય છે, એ એને અવસર આવે છે. એ નિમિત્તે અવસર આવે છે. બાકી તો અનુકૂળતાની કલ્પના જીવની એટલી હદે છે કે એને એક અનુકૂળતાઓના એવડા મોટા જબરજસ્ત ચણતરમાં એક ઈંટ આઘી પાછી એને પોસાતી નથી. અને એ અનુકૂળતાના મહેલમાં એક ખીલી પણ એને આડી અવળી લાગવી જોઈએ નહિ. આ જીવની ઇચ્છા છે. એમાં અનંત અનુબંધના ચારેય કષાય રહેલા છે. અનંતાનુબંધીના ચારેય કષાય રહેલા છે. જે કોઈ સંપદાની વાંછા છે એમાં અનંતાનુબંધીના ચારેય કષાય સમાય છે. એકેય કષાય બાદ રહેતો નથી.

(૨૮:૦૦ મિનિટ સુધી, પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)

***

## વીર નિર્વાણકલ્યાણકના પાવન પ્રસંગે ૧૦૦૮ શ્રી મહાવીરસ્વામીના પાવન ચરણોંમાં કોટિ કોટિ પ્રણામ અને મંગલમય સુપ્રભાતની શુભકામના

શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ શ્રી મહાવીરપ્રભુના નિર્વાણકલ્યાણકના પાવન પ્રસંગે તેમના ચરણોમાં વંદન કરી, મંગલમય સુપ્રભાતની પ્રાપ્તિ કરી અનંત કાળથી ચાલ્યા આવતા જન્મ-મરણની શ્રૃંખલાનો વ્યવચ્છેદ કરવાની મંગલમય ભાવના સાથે સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર સર્વ પાઠકવર્ગને શુભકામના પ્રેષિત કરે છે.

ખંભાતથી ભાઈ ત્રિભોવનદાસની અત્ર આવવાની ઈચ્છા રહે છે; તો તે ઈચ્છામાં હું સમ્મત છું. તેમને તમે રતલામથી પત્ર લખો તો તમારી મુંબઈમાં જ્યારે સ્થિતિ હોય, ત્યારે તેમને આવવાની અનુકૂળતા હોય તો આવવામાં મારી સમ્મતિ છે, એમ લખશો.

તમે કોઈ મને મળવા આવ્યા છો, એ કારણ ખીમજી સહિતને મોઢે પ્રગટ ન કરવું. કોઈ અહીં આવવાનું વ્યાવહારિક નિમિત્ત હોય તો જરુર તે ખીમજીને મોઢે પ્રગટ કરવું.

આ બધું લખવું પડે છે, તેનો ઉદ્દેશ માત્ર આ એક પ્રવૃત્તિયોગ છે. ઈશ્વેચ્છા બળવાન છે, અને સુખદાયક છે.

આ પત્ર વારંવાર મનન કરવા જેવું છે.

વારંવાર ઊગે છે કે અબંધ, બંધનયુક્ત હોય ? તમે શું ધારો છો ?

વિ. રાયચંદના પ્રણામ.

***

પત્રાંક–૨૩૭

**મુંબઈ, ચૈત્ર વદ ૨, શનિ, ૧૯૪૭**

સુજ્ઞ ભાઈ ત્રિભોવન,

‘‘પરેચ્છાનુચારીને શબ્દભેદ નથી.’’ એ વાક્યનો અર્થ સમાગમે પૂછજો.

પરમ સમાધિરૂપ જ્ઞાનીની દશાને નમસ્કાર.

વિ. રાયચંદના પ્રણામ

***

પત્રાંક–૨૩૮

**મુંબઈ, ચૈત્ર વદ ૩, રવિ, ૧૯૪૭**

તે પૂર્ણ પદને જ્ઞાનીઓ પરમ પ્રેમથી ઉપાસે છે.

ચારેક દિવસ પહેલાં આપનું પત્ર મળ્યું. પરમ સ્વરૂપના અનુગ્રહથી અત્ર સમાધિ છે. આપની ઈચ્છા સદ્‌વૃત્તિઓ થવા રહે છે; એ વાંચી વારંવાર આનંદ થાય છે.

ચિત્તનું સરળપણું, વૈરાગ્ય અને ‘સત્‌’ પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા એ પ્રાપ્ત થવાં પરમ દુર્લભ છે; અને તેની પ્રાપ્તિને વિષે પરમ કારણરૂપ એવો ‘સત્સંગ’ તે પ્રાપ્ત થવો એ તો પરમ પરમ દુર્લભ છે. મોટેરા પુરુષોએ આ કાળને કઠણ કાળ કહ્યો છે, તેનું મુખ્ય કારણ તો એ છે કે ‘સત્સંગ’નો જોગ થવો જીવને બહુ કઠણ છે; અને એમ હોવાથી કાળને પણ કઠણ કહ્યો છે. માયામય અગ્નિથી ચૌદે રાજલોક પ્રજ્વલિત છે. તે માયામાં જીવની બુદ્ધિ રાચી રહી છે, અને તેથી જીવ પણ તે ત્રિવિધતાપ–અગ્નિથી બળ્યા કરે છે; તેને પરમ કારુણ્યમૂર્તિનો બોધ એ જ પરમ શીતળ જળ છે; તથાપિ જીવને ચારે બાજુથી અપૂર્ણ પુણ્યને લીધે તેની પ્રાપ્તિ હોવી દુર્લભ થઈ પડી છે. પણ એ જ વસ્તુની ચિંતના રાખવી. ‘સત્‌’ને વિષે પ્રીતિ, ‘સત્‌’ રૂપ સંતને વિષે પરમ ભક્તિ, તેના માર્ગની જિજ્ઞાસા, એ જ નિરંતર સંભારવા યોગ્ય છે. તે સ્મરણ રહેવામાં ઉપયોગી એવાં વૈરાગ્યાદિક ચરિત્રવાળાં પુસ્તકો અને વૈરાગી, સરળ ચિત્તવાળાં મનુષ્યનો સંગ અને પોતાની ચિત્તશુદ્ધિ એ સારાં કારણો છે. એ જ મેળવવા રટણ રાખવું કલ્યાણકારક છે. અત્ર સમાધિ છે.

***




## પત્રાંક-૨૩૬

મુંબઈ, ચૈત્ર સુદ ૧૫, ગુરુ, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ,

અહીં કુશળતા છે. તમારું કુશળપત્ર સંપ્રાપ્ત થયું. રતલામથી વળતાં તમે અહીં આવવા ઇચ્છો છો તે ઇચ્છામાં મારી સમ્મતિ છે. ત્યાંથી વિદાય થવાનો દિવસ ચોક્કસ થયે અહીં દુકાન ઉપર ખબર આપશો.

તમે અહીં આવો ત્યારે તમારો અમારા વિષે જે કંઈ પરમાર્થ પ્રેમ છે, તે જેમ બને તેમ ઓછો પ્રગટ થાય તેમ કરશો. તેમ જ નીચેની વાર્તા લક્ષમાં રાખશો તો શ્રેયસ્કર છે.

૧. મારી વિદ્યમાનતાએ ભાઈ રેવાશંકર અથવા ખીમજીથી કોઈ જાતનો પરમાર્થ વિષય ચર્ચિત ન કરવો (વિદ્યમાનતાએ એટલે હું સમીપ બેઠો હોઉં ત્યારે).

૨. મારી અવિદ્યમાનતાએ તેઓથી પરમાર્થ વિષય ગંભીરતાપૂર્વક બને તો જરૂર ચર્ચિત કરવો. કોઈ વખતે રેવાશંકરથી અને કોઈ વખતે ખીમજીથી.

૩. પરમાર્થમાં નીચેની વાર્તા વિશેષ ઉપયોગી છે.

૧. તરવાને માટે જીવે પ્રથમ શું જાણવું?

૨. જીવનું પરિભ્રમણ થવામાં મુખ્ય કારણ શું?

૩. તે કારણ કેમ ટળે?

૪. તે માટે સુગમમાં સુગમ એટલે થોડા કાળમાં ફળદાયક થાય એવો ક્યો ઉપાય છે?

૫. એવો કોઈ પુરુષ હશે કે જેથી એ વિષયનો નિર્ણય પ્રાપ્ત થાય? આ કાળમાં એવો પુરુષ હોય એમ તમે ધારો છો? અને ધારો છો તો કેવાં કારણોથી? એવા પુરુષનાં કંઈ લક્ષણ હોય કે કેમ? હાલ એવો પુરુષ આપણને ક્યા ઉપાયે પ્રાપ્ત હોઈ શકે?

૬. જો અમારા સંબંધી કંઈ પ્રસંગ આવે તો પૂછવું કે 'મોક્ષમાર્ગની' એમને પ્રાપ્તિ છે, એવી નિઃશંકતા તમને છે? અને હોય તો શું કારણોને લઈને? પ્રવૃત્તિવાળી દશામાં વર્તતા હોય, તો પૂછવું કે, એ વિષે તમને વિકલ્પ નથી આવતો? એમને સર્વ પ્રકારે નિઃસ્પૃહતા હશે કે કેમ? કોઈ જાતના સિદ્ધિજોગ હશે કે કેમ?

૭. સત્પુરુષની પ્રાપ્તિ થયે જીવને માર્ગ ન મળે એમ બને કે કેમ? એમ બને તો તેનું કારણ શું? જો જીવની 'અયોગ્યતા' જણાવવામાં આવે તો તે અયોગ્યતા ક્યા વિષયની?

૮. ખીમજીને પ્રશ્ન કરવું કે તમને એમ લાગે છે કે આ પુરુષના સંગે યોગ્યતા આવ્યે તેની પાસેથી જ્ઞાનપ્રાપ્તિ હોય?

આ વગેરે વાર્ત્તા પ્રસંગ પ્રાપ્ત કરી ચર્ચવી, એકેક વાર્ત્તાનો કંઈ નિર્ણાયક ઉત્તર તેમના તરફથી મળ્યે બીજે પ્રસંગે બીજી વાર્ત્તા ચર્ચવી.

ખીમજીમાં કેટલીક સમજવાની શક્તિ સારી છે; પરંતુ યોગ્યતા રેવાશંકરની વિશેષ છે. યોગ્યતા, જ્ઞાનપ્રાપ્તિ માટે બહુ બળવાન કારણ છે.

ઉપરની વાર્ત્તામાંથી તમને જે સુગમ લાગે તે પૂછવી. સુગમતા એકેની ન હોય તો એકેય ન પૂછવી; તેમ આ વાર્ત્તાનો પ્રેરક કોણ છે? તે જણાવવું નહીં.